ટેન્ડર માટે વાટાઘાટોની નિતી
નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ એસ/૨૨/૨૦૧૭/૬૩૯/ડ.
તા.૦૮/૦૬/૨૦૧૮

આમુખઃ-

માર્ગ અને મકાન વિભાગનાં વિવિધ કામો માટે જાહેર નિવિદાથી ટેન્ડર માંગવામાં આવે છે. કયારેક ઈજારદારે ભરેલ ટેન્ડરના ભાવ જે તે વિસ્તારમાં ટેન્ડર મંજુરીના નિર્ણય કરવાના સમયે તે સમયે જે તે ટેન્ડરના કામના વિસ્તારમાં મંજુર થયેલ અન્ય ટેન્ડરની સરખામણીમાં ઉંચા જણાય તેવા સંજોગોમાં ઈજારદારને વાટાઘાટ માટે બોલાવવામાં આવે છે. કયારેક જેતે ટેન્ડર ભરનાર ઈજારદાર વારંવાર વાટાઘાટની તારીખ અને સમય ફાળવ્યાબાદ સક્ષમ અધિકારી પાસે વાટાઘાટ માટે આવતા નથી / વેલીડીટી લંબાવી આપતા નથી. તેમજ વેલીડીટી પીરીયડ પુરો થાય ત્યાં સુધી પોતે વાટાઘાટ કરવા માંગતા નથી તે પ્રકારનો પત્ર પણ આપતા નથી. તે કારણોસર ટેન્ડરની વેલીડીટી પુર્ણ થવાથી ટેન્ડર ફરીવાર માંગવાની જરૂરીયાત ઉપસ્થિત થાય છે. જેના કારણે પ્રજાલક્ષી કામોમાં વિલંબ પણ થાય છે. પુખ્ત વિચારણાંને અંતે નીચે મુજબનો પરિપત્ર કરવામાં આવે છે.

પરિપત્રઃ-

ટેન્ડર મંજુરીની દરખાસ્ત કરતી સમયે જે તે ક્ષેત્રિય કચેરીમાંથી જે તે વિસ્તારનાં સમાન પ્રકારનાં છેલ્લા છ માસમાં મંજુર થયેલ કામોની વિગતો સાથે કેટલી રકમ સુધીનું ટેન્ડર મંજુર કરવા પાત્ર રહે છે. તે વિગત સાથે દરખાસ્ત કરવાની રહેશે. ઈજારદારને ટેન્ડર વેલીડીટી તેમજ ટેન્ડર મંજુરીનો સમયગાળો ધ્યાનમાં લઇ વધુમાં વધુ ત્રણ વખત વાટાઘાટ માટે જાણ કરવામાં આવશે. જો ઈજારદાર વાટાઘાટ કરવા માંગતા ન હોય તો તેમણે વાટાઘાટની સુચના મળ્યાબાદ તરતજ તેઓ વાટાઘાટ કરવા માંગતા નથી તે મુજબનો પત્ર પાઠવવાનો રહેશે. જો ઈજારદાર ટેન્ડરની વેલીડીટી પુર્ણ થવાના સમયગાળા સુધીમાં પણ આ પ્રકારનો પત્ર પાઠવશે નહીં અથવા વાટાઘાટ કરશે નહીં તો તેમનું ટેન્ડર રદ ગણવામાં આવશે અને તેમની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે તેમજ ઈજારદાર પર શિક્ષાત્મક કાર્યાવહી હાથ ધરવામાં આવશે. આ પરિપત્રની તારીખથી Notice Inviting Tenders માં નીચે મુજબની વધારાની વિગત ઉમેરવાની રહેશે.

If found necessary, contractor will be intimated for negotiation. He will be intimated maximum three times within validity period for negotiation. If contractor does not respond in time, his earnest money will be forfeited and his tender will be rejected. Punitiative action will be taken on such contractor.

(એ.એન.મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

(પાછળ)

નકલ સાદર રવાના:-

- મુ.ઇ.શ્રી (મા.મ.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (પંચાયત) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (પા.યો.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (ને.હા.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (ગુ.નિ.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (ની. અને આ.), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી અને નિયામકશ્રી (એસટીસી), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી (વિશ્વ બેન્ક), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વહીવટી અધિકારીશ્રી, જીએસઆરડીસી, નિર્માણભવન, ગાંધીનગર.
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ (રાજય, પંચાયત, ને.હા., પાટનગર યોજના વર્તુળ, વિદ્યુત વર્તુળ સહીત)
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (ઉકત વર્તુળ હેઠળના)